ગુજરાત મિત્ર - સુરત આવૃત્તિ, તા:-૨૭/૦૨/૨૦૧૯

# જાહેરાત

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(સસ્ય), કોલેજ ફાર્મ, ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય અને કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂચાર રસ્તા, નવસારી ખાતે જે હાલતમાં છે તે હાલતમાં નીચે જણાવેલ વાહનો અને ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમો ટેન્ડરથી લોટ દિઠ જાહેર હરાજીથી નિકાલ કરવાના હોય તે અંગેનુ ટેન્ડર ફોર્મ ઉપર જણાવેલ ત્રણે કચેરીમાંથી કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં ટેન્ડર ફી રૂ.૫૦૦/– ભરી શરતો મુજબ ભાવ ભરી સીલ બંધ કવરમાં **તા ૧૧/૦૩/૨૦૧૯ સમય–૧૬:૦૦** કલાક સુધીમાં નીચે મુજબની કચેરીને રૂબરૂ કે પોસ્ટ/કુરીયર દ્વારા પહોંચતા કરવાના જણાવવામાં આવે છે.(૧) ફોર્ડ (ફાર્મટેક) ટ્રેકટર GJ-21-J-8287 (૨) હીરો હોન્ડા સ્પ્લેન્ડર GJ-21-H-6939 (૩) ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમો મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(સસ્ય), કોલેજ ફાર્મ, (૪) ટ્રેલર નંબર GTO-9469 ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય (૫) હીરો હોન્ડા CD 100SS GJ-15-H-3235 કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી

## :: વાહન/અન્ય ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમોની હરાજીની શરતો ::

૧. વાહન અત્યારે જે હાલતમાં અને જે સ્થળે જે પરિસ્થિતીમાં છે તે રીતે ટેક્ષ તથા વિમાની કોઈપણ જવાબદારી સિવાય વેચાણ કરવાના છે.

૨. વાહન નં. (૧) ફોર્ડ ટ્રેકટર GJ-21-J-8287 (૨) હીરો હોન્ડો સ્પ્લેન્ડર GJ-21-H-6939 (૩) ટ્રેલર GTO- 9469 (૪) ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમો તથા (૫) હીરો હોન્ડા CD 100SS GJ-15-H-3235 જાહેરાતમાં દર્શાવેલ સ્થળે જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૦.૩૦ થી ૧૭.૦૦ કલાક સુધીમાં જોવા મળશે.

૩. ટેન્ડર ફોર્મ રૂબરૂમાં રોકડા રૂા.૫૦૦/– (નોન રીફંડેબલ) ભરીને જે તે કચેરીએથી કચેરી સમય સવારે ૧૦:૩૦ થી ૧૭:૦૦ કલાક સુધીમાં મેળવી તા ૧૧/૦૩/૨૦૧૯ સુધીમાં સાંજે ૧૭:૦૦ કલાક સુધીમાં જે તે કચેરીને પહોંચતા કરવાના રહેશે.

૪. ટેન્ટર ફોર્મ સાથે નીચેની વિગતે EMD નો ડી.ડી બિડાણ કરી જે તે કચેરી એ મોકલવાનો રહેશે. જે પાછળથી કાર્યવાહી પૂર્ણ થયા બાદ યુનિવર્સિટીના નિયમો અનુસાર પરત કરવામાં આવશે. EMD અને ટેન્ડર ફી વગરનો ઓફર ગ્રાહય રાખવામાં આવશે નહી.

| અ.ન. | કચેરીનું નામ | આઈટમનું નામ | ટેન્ડર ફી (રૂા.) | EMDની રકમ (રૂા.) | જેના નામનો ડીડી બનાવવાનો હોય તે કચેરી નું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (સસ્ય) | ફોર્ડ (ફાર્મટેક) ટ્રેકટર GJ-21-J-8287 | ૫૦૦/– | ૧૦,૦૦૦/– | **ASSISTANT RESEARCH SCIENTIST (AGRONOMY)** |
| | | હીરો હોન્ડો સ્પ્લેન્ડર GJ-21-H-6939 | ૫૦૦/– | ૨,૦૦૦/– | |
| | | ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમો | ૫૦૦/– | ૫,૦૦૦/– | |
| ૨. | ઈન્સ્ટ્રકશનલ ફાર્મ | ટ્રેલર નં GTO-9469 | ૫૦૦/– | ૫,૦૦૦/– | **ASSISTANT ADMINISTRATIVE OFFICER, N M COLLEGE OF AGRICULTURE** |
| | | ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમો | ૫૦૦/– | ૨,૦૦૦/– | |
| ૩. | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી | હીરો હોન્ડા CD 100SS GJ-15-H-3235 | ૫૦૦/– | ૨,૦૦૦/– | **DEPUTY ENGINEER NAU** |

૫. વાહન ખરીદ કરવાના ભાવો ટેન્ડર ફોર્મમાં જ ભરવાના રહેશે.

૬. ટેન્ડર તા ૧૨/૦૩/૨૦૧૯ ના રોજ સમય ૧૦:૩૦ કલાકે ખોલવામાં આવશે. ઈજારદારો અથવા તેના પ્રતિનિધિએ હાજર રહેવું. જેમનું ટેન્ડર મંજુર થશે તેમણે ઈજારાની રકમ નીચે ની વિગતે ભરવાની રહેશે.

ટેન્ડર ફોર્મમાં ભરેલ ભાવના ૫૦% રકમ ટેન્ડર મંજુર થયેથી /હરાજી બાદ તુરંત જ ભરપાઈ કરવાના રહેશે. બાકીની ૫૦% રકમ દિન–૫ માં જમા કરાવવાની રહેશે. આર.ટી.ઓ. પેપર્સ તૈયાર કરીને વાહનને અત્રેથી લઈ જવાનું રહેશે અને તેમાં નિષ્ફળ જનારને તેમની EMD કોઈપણ કારણ જણાવ્યા સિવાય જપ્ત કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં તેમને યુનિવર્સીટીની કોઈ પણ હરાજી માટે બ્લેક લિસ્ટ કરવામાં આવશે.

૭. ટેન્ડરના કવર ઉપર **"વાહન હરાજીનું ટેન્ડર ફોર્મ તેમજ વાહન નંબર "** અવશ્ય લખવાનું રહેશે. પાર્ટીનું નામ, સરનામું મોટા અક્ષરે લખવું. ટેન્ડર ટપાલ/કુરીયર અથવા રૂબરૂમાં નિયત તારીખ પહેલા જે તે કચેરીને સીલબંધ કવરમાં મોકલવાના રહેશે.

૮(અ). ટેન્ડર દ્વારા આવેલ ભાવો કમિટીને અપસેટ વેલ્યુ કરતા નીચા જણાય તો તે સ્થળે કમિટીના અભિપ્રાય મુજબ ટેન્ડર ભરનાર પાર્ટીઓ વચ્ચે જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવશે.જાહેર હરાજી માં પણ ભાવો કમિટીને અપસેટ વેલ્યુ કરતા ઓછા જણાય તો હરાજી રદ કરવામાં આવશે.

૮(બ). ટેન્ડર ભરનાર ઈસમો ને કોઈપણ સંજોગોમાં ટેન્ડર ફીની રકમ પરત કરવામાં આવશે નહી જેની નોંધ લેવી.

૯. રકમ ઉપર ની મુદતમાં જમા કરવામાં નહી આવશે તો ઈજારો રદ કરવામાં આવશે. અને EMD ની રકમ જપ્ત કરવામાં આવશે, કોઈ પણ સંજોગોમાં ઈજારાની પુરેપુરી રકમ ભરવાની મુદત વધારી આપવામાં આવશે નહી.

૧૦. વાહન વેચાણ થયા બાદ તેના આર.ટી.ઓ. પેપર્સ તેમજ વાહન ટ્રાન્સફર કરવાની સઘળી જવાબદારી જે તે ટેન્ડર ભરનારની રહેશે. અત્રેથી જરૂરી દસ્તાવેજ પેપરમાં સહી કરી આપવામાં આવશે. આર.ટી.ઓ. પેપર્સની કાર્યવાહી સંપૂર્ણપણે પુરી થયા બાદ EMD પરત કરવામાં આવશે. તેમજ વાહનનો કબ્જો મેળવ્યાથી તમામ જવાબદારી ખરીદ કરનારની રહેશે.

૧૧. વાહન/ડેડસ્ટોક જે તે ઈજારાદારે જ તેમના માણસો સાથે હાજર રહી લઈ જવાનુ રહેશે. તેમની ગેરહાજરીમાં કોઈ પણ ઈસમને લઈ જવા દેવામાં આવશે નહી. તેમજ હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે બીજા ઈસમને ઈજારો આપી શકશે નહિ.

૧૨. હરાજી બાબતે કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તો નવસારી કૃષિ યુનિવસિટી,નવસારી નો નિર્ણય આખરી ગણાશે. જે ખરીદદારને બંધન કર્તા રહેશે અને કાયદાકીય જયુરીડીકેશન નવસારી રહેશે.

૧૩. સંજોગોવશાત ઉપરોકત શરતોમાં કોઈ પણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવામાં આવે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહિ. તેમજ યુનિવર્સિટી દવારા રચેલ કમિટી નો નિર્ણય આખરી ગણાશે. જે ખરીદ કરનાર ને બંધનકર્તા રહેશે.

૧૪. કોઈપણ ટેન્ડરાને સ્વીકારવું અથવા આવેલ તમામ ટેન્ડરોને કોઈપણ કારણો દર્શાવ્યા સિવાય રદ કરવાના તથા ઈજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા યુનિવર્સિટી દવારા રચેલ કમિટીની રહેશે.

૧૫. જે તે વાહનનું રજીસ્ટ્રેશન રીન્યુ કરાવવાની જવાબદારી મંજુર થયેલ ઈજારદાર કે પાટી ની રહેશે.

૧૬. સદર વાહનની આર.ટી.ઓ.ટેક્ષ, વીમો, સરકારી ટેક્ષ તથા અન્ય તમામ પ્રકારના ભરણાની જવાબદારી વાહન લેનારની રહેશે.

૧૭. તા.૩–૦૧–૨૦૧૯ ના રોજ "ગુજરાત મિત્ર" દૈનિક પેપર માં સદર હરાજી બાબતની ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી જે અનુસંધાને જે તે પાર્ટીઓએ ટેન્ડર ફોર્મ મેળવી અત્રે રજુ કરેલ છે પરંતુ આ ટેન્ડરનું સ્વરૂપ બદલાતા તેઓને કોરી ટેન્ડર કોપી બાય રજી. પોસ્ટ એ.ડી. થી મોકલવામાં આવશે. તેઓએ અત્રેથી મોકલેલા આ નવુ ટેન્ડર ફોર્મ ફરજીયાત ભરી અત્રે જાહેરાતની શરતો મુજબ પરત કરવાનું રહેશે. આમ થવામાં ચુક થયે તેમની અગાઉની ઓફર ગ્રાહય રાખવામાં નહી આવે તેમજ તેમની ટેન્ડર ફી પરત આપવામાં નહી આવે.

**ઉપરની તમામ શરતો મને માન્ય / કબુલ / બંધન કર્તા છે.**

તારીખ : પાર્ટીનું નામ :

સ્થળ : સરનામું :

ટેન્ડર ભરનારની સહી :

(કોન્ટેકટ નંબરઃ )